ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.
સરદાર પટેલ વિદ્યુત ભવન
રેસકોર્સ, વડોદરા – ૩૯૦૦૦૭
ફોન : ૨૩૩૮૨૮૧, ૨૩૧૦૫૮૨–૮૬/૨૩૪૦૨૦૫
ફેક્સ : ૨૩૩૭૯૧૮, ૨૩૩૮૧૬૪

An ISO 9001:2000 Company

NO GUVNL-TECH -AG CON- 2189

DT. 24 .10.13

22893 11/11
CS
CM(F)
CJA
AGM(HR)
DGM (HR)
DGM(IR)
IRO
SE(Com)
SE(Civil)
CCC

પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી (ઓપરેશન)
મધ્ય / દક્ષિણ / <u>ઉત્તર</u> / પશ્ચિમ ગુજરાત વીજ કંપની
કોર્પોરેટ ઓફિસ : વડોદરા / સુરત / મહેસાણા / રાજકોટ.

વિષય : ખેતી હેતુ વીજ જોડાણો માટે અગાઉ બહાર પાડવામાં આવેલ કાયમી ધોરણે બંધ થયેલ પુનઃ જોડાણ (PDC-RC), સ્થળફેર(Shifting), બદલાયેલ પરિસ્થિતિ અન્વયે નવીન ખેતી હેતુ વીજ જોડાણ (Change of circumstances)ને લગતા તમામ પરિપત્રો રદ કરી એક પરિપત્ર અમલી બનાવવા બાબત.

---

ખેતી હેતુ વીજ જોડાણો માટે અગાઉ બહાર પાડવામાં આવેલ કાયમી ધોરણે બંધ થયેલ પુનઃ જોડાણ (PDC-RC), સ્થળફેર(Shifting), બદલાયેલ પરિસ્થિતિ અન્વયે નવીન ખેતી હેતુ વીજ જોડાણ (Change of circumstances)ને લગતા વિવિધ સમયે વિવિધ પરિપત્રો બહાર પાડવામા આવેલ અને એ જે તે વખતે અમલી હતા. આમ વિવિધ પરિપત્રોના કારણે ઘણી વખત મુઝવણભરી સ્થિતિ સર્જાતી અને બીન જરૂરી પ્રશ્નો ઉભા થતાં. ગુજરાત વીજ નિયમન પંચની સ્ટેટ એડવાઈઝરી કમિટિના આદેશાનુસાર દરેક વીજ વિતરણ કંપનીના એક પ્રતિનિધિઓની એક કમિટિ બનાવવામા આવેલ હતી. સદર કમિટિએ લીધેલ નિર્ણયાનુસાર ઉપરોકત વિષયે અમલી વિવિધ પરિપત્રોને સ્થાને એક સરળ પરિપત્રની આવશ્કયતા જણાંતા ઉપર જણાવ્યા મુજબ નવો પરિપત્ર નીચે પ્રમાણે બહાર પાડેલ છે.

<u>કાયમી ધોરણે બંધ થયેલ ખેતીવિષયક વીજજોડાણ નું પુનઃજોડાણ.</u>

૧. <u>ખેતીવિષયક વીજજોડાણ કાયમી ધોરણે બંધ જાહેર કરવાના નિયમ.</u>

ક. ગ્રાહક તરફથી વીજબીલમાં દર્શાવેલ નાણાં છેલ્લી તારીખ સુધીમાં ભરપાઈ ન કરાય તો, નાણાંની વસુલાત માટે રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી ૧૫ દિવસની નોટીસ આપવી.

ખ. જો સમય મર્યાદામાં નાણાં ન ભરાય તો વીજજોડાણ હંગામી કાપી નાખવું.

ગ. આ રીતે વીજજોડાણ હંગામી ધોરણે કાપ્યા તારીખથી પાંચ માસ સુધીમાં પણ જો નાણાં ભરપાઈ ન થાય તો ગ્રાહકને અંતિમ ૩૦ દિવસની રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી નિયત પત્રક પ્રમાણે નોટીસ આપવી.

ઘ. પોસ્ટ ઓફીસમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી. કર્યાના ૩૦ દિવસ સુધીમાં પણ જો નાણાં ન ભરપાઈ થાય તો વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરેલ ગણાશે.

ચ. તે જ રીતે કાયમી ધોરણે બંધ થયેલ વીજજોડાણની જાણ દિન–૭ માં ગ્રાહકને આર.પી.એ.ડી. પત્રથી અવશ્ય કરવી.

છ. ગ્રાહક વીજજોડાણ કાયમી ધોરણે બંધ થયાની તારીખથી સાત (૭) દિવસમાં નાણાં ભરપાઈ કરે તો ફકત પુનઃજોડાણ ચાર્જ પ્રવર્તમાન નિયમ મુજબ સ્વીકારી વીજજોડાણ ચાલુ કરી આપવું અને વીજજોડાણ પીડીસી ગણવું નહી.

જ. રૂા.૩૫/– પ્રતિ હોપા/વર્ષ પ્રમાણે મૂળ કરારીત વીજભાર માટે કાયમી ધરોણે બંધ રહેલા સમય માટે ભરપાઈ કરવાનો રહેશે.

ઝ. ગ્રાહકના સ્થળ ઉપરથી વાયર, ટ્રાન્સફોર્મર, થાંભલા વગેરે ઉતારી લઈ તેને જમા લેવો અને તે બાબતની જાણ વિભાગીય કચેરીને કરવી.

ટ. વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરવા માટે કરવામાં આવેલ તમામ કાર્યવાહીના દસ્તાવેજી પુરાવા ગ્રાહકની ફાઈલમાં રાખવા.

ઠ. નોટીસના છેલ્લા દિવસે વીજ વિતરણ કંપનીમાં રજા હોય ત્યારે ઉઘડતી ઓફીસે નાણાં સ્વીકારવા અને પ્રવર્તમાન નિયમ મુજબ વીજજોડાણ ચાલુ કરવાની કાર્યવાહી કરવી.

૨. <u>ખેતીવિષયક વીજજોડાણ પુનઃચાલુ કરવા માટેની અરજી નોંધણી વખતે નીચે મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવાઓ લઈ પ્રવર્તમાન નિયમાનુસાર નોંધણી ફી લઈ અરજી નોંધણી કરવામાં આવશે.</u>

- અરજી પત્રક – એ ૧ ફોર્મ
- માંગણીવાળા સર્વે નંબરમાં કોઈ વીજજોડાણ હયાત નથી તેની કોરા કાગળ ઉપર નિવેદન .
- ૭/૧૨ અને ૮–અ અને ૬–અ હક્ક પત્રક.(છ માસ સુધીના)
- સરકાર માન્ય ફોટો ઓળખપત્ર આધાર કાર્ડ/ ચૂંટણી કાર્ડ/ ડ્રાયવીંગ લાયસન્સ વગેરેની પ્રમાણીત ઝેરોક્ષ નકલ (પૈકી કોઈપણ એક).
- પુનઃજોડાણવાળી જગ્યાએ ભાગીદાર (વારસદાર) હોય તો રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર (નોટરાઈઝ)સંમતિપત્રક.
- મૂળ ગ્રાહક ગુજરી ગયેલ હોય અને વારસદાર અરજી કરેતો મરણનો દાખલો રજૂ કરવાનો રહેશે.
- ગ્રાહક પરદેશ હોય અથવા શારીરીક રીતે અશકત હોય તથા અન્ય કોઈ કારણસર ઉપસ્થિત ન હોય તો કુલ મુખત્યારનામું (નોટરાઈઝ)
- ગ્રાહકે વીજજોડાણ લીધુ હોય ત્યારની અને પુનઃજોડાણ વખતેની અરજી પત્રક સાથે સહી સરખાવવી નહી. શંકાસ્પદ કેસમાં ચકાસણી કરવી.

૩. <u>ખેતીવિષયક વીજજોડાણ કાયમી ધોરણે બંધ જાહેર થયેલ હોય તે પુનઃચાલુ કરવાના નિયમ.</u>

ક. વીજબીલના બાકી નીકળતા નાણાં (વિલંબીત ચૂકવણી ચાર્જ સહિત) ગ્રાહકે ભરપાઈ કરવાના રહેશે.

ખ. લોક અદાલત અથવા એમનેસ્ટી સ્કીમમાં સમાધાન થયેલ હોય તેવી પુનઃજોડાણની અરજી સ્વીકારાશે.

ગ. પુનઃજોડાણની માંગણી મૂળ ગ્રાહક અથવા તેના કાયદેસરના સીધી લીટીના વારસદારો કરી શકશે.

ઘ. જો પુનઃજોડાણઅન્ય સ્થળે માંગવામાં આવે તો નવીન સ્થળે ખરીદેલ જમીનમાં બીજા ખેડૂતની ભાગીદારી ન હોવી જોઈએ.

ચ. પુનઃજોડાણ સ્થળફેર સાથે માંગણી કરે તો નવીન જગ્યાએ ખરીદેલ જમીન ઓછામાં ઓછી બે એકર અને અરજદારના નામે ઓછામાં ઓછા બે વર્ષથી હોવી જોઈએ.

છ. પુનઃજોડાણની માંગણી કરારીત વીજભારમાં વધારા કે ઘટાડા સાથે કરી શકાશે.

જ. નવીન જગ્યાવાળી જમીન રેવન્યુ દસ્તાવેજ જેવા કે ૭/૧૨, ૮–અ અને હક્ક પત્રક–૬ માં નોંધણી થયેલ હોવી જોઈએ.

૭. બે એકર જમીનની મર્યાદામાં વધુમાં વધુ ૧૦ ટકાની છૂટછાટની મંજૂરી વીજ વિતરણ કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી આપી શકશે.

ટ. નવીન સ્થળે જમીન બે એકરથી ઓછી હોય અને તે જ ગામના અરજદારની માલીકી વાળા હયાત ખેતી હેતુ વીજ જોડાણ વગરના અન્ય સર્વે નંબરોમાં વીજ જોડાણની માંગણીવાળા સર્વેનંબરમાં બનાવેલ બોર/પાતાળ કુવા દ્વારા પાઈપ લાઈનથી પિયત કરી શકાતુ હોય તે સર્વે નંબરોની કુલ જમીન બે એકર થતી હોવી જોઈએ.

ઠ. માંગણીવાળા સર્વે નંબરમાં અન્ય ખેતી વિષયક વીજજોડાણ ચાલુ હોવું ન જોઈએ.

ડ. ૩ હો.પા.થી ઓછા વીજભારની માંગણી સ્વીકારવામાં આવશે નહી.

ઢ. જૂના સર્વેનંબરવાળી જગ્યા વેચાણ કરેલ હોય તે સંજોગોમાં પુનઃજોડાણ સ્થળફેર સાથે પોતાની માલિકીની અન્ય જમીનમાં માંગે તો અરજી સ્વીકારવી, પરંતુ મૂળ જમીન જેણે ખરીદ કરેલ હોય તેના નામે પુનઃજોડાણની અરજી સ્વીકારવી નહી.

ણ. વીજજોડાણ પુનઃ ચાલુ કર્યા બાદ ગ્રાહક બે વર્ષની અંદર પોતાની માલિકીના અન્ય સર્વે નંબર સ્થળફેર માંગે તો બે વર્ષનો મીનીમમ ચાર્જ વસુલાત કરી પુનઃજોડાણ કરવાની મંજૂરી આપવી.

ત. ડાર્કઝોન વિસ્તારમાં પુનઃજોડાણ સુક્ષ્મ પિયત પધ્ધતિથી જ આપવામાં આવશે.

થ. પાંચ વર્ષ સુધી પુનઃજોડાણની માંગણી કરનારને વીજજોડાણ કાયમી ધોરણે બંધ કરવામાં આવેલ હોય તે વખતે જે ટેરીફ હશે તે ટેરીફ મુજબનું બીલ પ્રવર્તમાન દર મુજબ આપવામાં આવશે.

દ. નોન ડાર્કઝોન વિસ્તારમાં પાંચ વર્ષ પુરા થયા બાદ અરજદારે પુનઃજોડાણ માટે સૂક્ષ્મ પિયત પધ્ધતિનો અમલ કરવાનો રહેશે. તેના માટે અરજી નોંધણી વખતે લેખિત સંમતિ આપવાની રહેશે. તેમજ બીલ મીટર પધ્ધતિથી આપવામાં આવશે.

ધ. હોર્સ પાવર આધારીત વીજદર ગ્રાહક પુનઃજોડાણ વખતે મીટર ટેરીફનો વિકલ્પ સ્વીકારી શકશે.

૪. <u>કાયમી ધોરણે બંધ થયેલ ખેતીવિષયક વીજ જોડાણ મંજૂર કરવાના નિયમ</u>

- ➢ પુનઃજોડાણની મંજૂરી સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવશે.
- ➢ ખેતીવિષયક વીજજોડાણ ખેતીવિષયક ફીડર ઉપર મંજૂર કરવું.
- ➢ ફીડરના વોલ્ટેજ રેગ્યુલેશન વધારે હોય તો પણ મંજૂરી આપવી અને ફીડર બાયફરકેશનની કાર્યવાહી હાથ ધરવી.
- ➢ એક જ સર્વેનંબરમાં એક જ વીજ જોડાણ અપાશે અને વીજજોડાણ ધ્વારા એક જ મોટર વાપરી શકાશે.
- ➢ પુનઃજોડાણની મંજૂરી જે તે વર્તુળ કચેરીની હદમાં મંજૂર કરવામાં આવશે.
- ➢ વર્તુળ કચેરીના વિભાજન પહેલાં ગ્રાહક પુનઃજોડાણ સ્થળફેર સાથે માંગેલ હોય તો મુળ વર્તુળ કચેરી અથવા વિભાજીત થયેલ વર્તુળ કચેરીમાં મંજૂરી આપવી.

૫. <u>અંદાજપત્ર આપવા માટે અને મુદત વધારવાનો નિયમઃ</u>

- ➢ પુનઃજોડાણની મંજૂરી મળેથી બનતી ત્વરાએ ગ્રાહકને અંદાજપત્ર ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ પ્રવર્તમાન ભાવ મુજબ આપવું.
- ➢ આર.પી.એ.ડી.દ્વારા જ અંદાજપત્ર મોકલી આપવું.
- ➢ અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા ઈસ્યુ કર્યાની તારીખથી ૩૦ દિવસની રહેશે.
- ➢ અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદામાં વધારા માટે અંદાજપત્ર ભરપાઈ કરવાની અંતિમ તારીખ પહેલાં મુદત વધારવાની અરજી કરવાની રહેશે.
- ➢ મુદત વધારાની મંજૂરી પ્રવર્તમાન નિયમાનુસાર કરવામાં આવશે.
- ➢ એગ્રીમેન્ટ ફી નિયમાનુસાર લેવામાં આવશે અને બે વર્ષનો કરાર કરવાનો રહેશે.

૬. અંદાજપત્ર ભરપાઈ થયા પછી કામગીરીનુ માર્ગદર્શન

- ➢ અંદાજપત્રના નાણાં ભરપાઈ કર્યાની તારીખ પ્રમાણે પ્રાયોરીટી બનાવવામાં આવશે.

- કેટેગરી પ્રમાણે માલ સામાનની ઉપલબ્ધી મુજબ કામ પૂર્ણ કરવાના રહેશે.
- કામ પૂર્ણ થયા બાદ ગ્રાહકને વીજજોડાણ ચાલુ કરવા માટે બે માસની નોટીસ આપવામાં આવશે.
- નોટીસ સમય પૂર્ણ થયા બાદ કંપનીના નિયમાનુસાર મીનીમમ બીલીંગ ચાલુ કરવામાં આવશે.

૭. <u>કાર્યવાહી પૂર્ણ થયે વીજજોડાણ ચાલુ કરવાના નિયમ:</u>

- ગ્રાહક દ્વારા વીજસ્થાપનનો જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.
- ટેસ્ટ રીપોર્ટની નિયત ફી ભરપાઈ કરવાની રહેશે.
- ટેસ્ટ રીપોર્ટની નિયત ફી ભર્યાબાદ દિન—૭ (સાત) માં વીજજોડાણ ચાલુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
- ખેતીવાડી કાયમી ધોરણે બંધ થયેલ વીજજોડાણનું પુનઃજોડાણ થયા પછી પડતર પીડીસી ગ્રાહકોની યાદીમાથી તે નામની કમી કરવામાં આવશે.

—————— xxxxxx —————— xxxxxxxx ——————

<u>ખેતીવિષયક હળવા દબાણના હયાત વીજજોડાણો ધરાવતા ગ્રાહકો નું સ્થળફેર (શીફટીંગ)</u>.

૧. <u>હયાત ખેતીવિષયક વીજજોડાણના સ્થળફેરની અરજી નોંધણી કરતી વખતે રજૂ કરવાના થતા દસ્તાવેજી પુરાવા</u>

નીચે મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ કંપનીના પ્રવર્તમાન નિયમાનુસાર રજીસ્ટ્રેશન ફી લઈ અરજી સ્વીકારવી.

- અરજી પત્રક એ—૧ ફોર્મ
- લોડ વધારા અથવા ઘટાડા સાથે અરજી નોંધણી કરી શકાશે.
- ખેતીવિષયક વીજજોડાણના સ્થળફેર માટેનું કારણ તથા નવીન માંગણીવાળા સર્વે નંબરમાં કોઈ વીજજોડાણ ચાલુ નથી તે બાબતનું ગ્રાહકનું પોતાનું નિવેદન સાદા કાગળ ઉપર એ—૧ ફોર્મ સાથે લેવું.
- જમીન વેચાણ કરેલ હોય તો ૭/૧૨ અને ૮/અ ના નવા ઉતારા અથવા વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ સર્ટીફાઈડ નકલ (જૂની જગ્યાના)(છ માસથી જૂના ન હોવા જોઈએ)
- જૂની જગ્યા અને નવીન જગ્યાના બંન્ને સર્વે નંબરના ૭/૧૨, ૮—અ ના ઉતારા તેમજ ૬ નું હક્ક પત્રક ની સર્ટીફાઈડ નકલ. (છ માસથી જૂના ન હોવા જોઈએ)
- જૂની/નવીન જગ્યામાં ભાગીદાર હોયતો રૂા.૧૦૦/— ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિપત્રક.
- સરકાર માન્ય ફોટો ઓળખપત્ર આધાર કાર્ડ/ ચૂંટણી કાર્ડ/ ડ્રાયવીંગ લાયસન્સ વગેરેની પ્રમાણીત ઝેરોક્ષ નકલ (પૈકી કોઈપણ એક).
- અરજીની નોધણી તમામ જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ થાય ત્યારબાદ જ કરવી.

૨. <u>હયાત ખેતી વિષયક વીજજોડાણના સ્થળફેર મંજુર કરવા માટેના નિયમો</u>

ક. ખેતીવિષયક વીજજોડાણ સ્થળ ફેરફાર માટે નીચેના કારણો પૈકી કોઈપણ એક કારણ દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરવાનું રહેશે.

- બોર/કૂવામાં પાણી ખલાસ થઈ ગયુ હોય, ખારું થઈ ગયુ હોય, ખેતીલાયક પાણી ન હોય, કૂવો પુરાઈ ગયો હોય, ઢસડી પડયો હોય અથવા તો પૂરતા પાણીનો આવરો ન હોય. આ અંગે જે તે ગ્રામ પંચાયત તલાટીનું સર્ટીફીકેટ રજૂ કરવું.

- ➢ કેનાલ કમાન્ડ વિસ્તારમાં વીજજોડાણ આવેલ હોય કે સિંચાઈ યોજના દ્વારા નક્કી થયેલ વિસ્તારમાં વીજજોડાણ આવતુ હોય કે જમીન ડૂબમાં જતી હોય તો તે અંગેની સંપાદિત સક્ષમ અધિકારી કે સરકારી અધિકારી દ્વારા આપવામાં આવેલ પત્રની પ્રમાણિત નકલ.

- ➢ સરકાર માન્ય અથવા અન્ય જાહેર સંસ્થા દ્વારા જોડાણવાળી જગ્યા હસ્તગત કરવામાં આવેલ હોય તો તેની પ્રમાણિત નકલ.

- ➢ હયાત જોડાણવાળી જમીન વેચાણ કરવી પડી હોય તો વેચાણ દસ્તાવેજની પ્રમાણિત નકલ અને બિનખેતી કરાવવી પડેલ હોય તો તેની પ્રમાણિત નકલ.

ખ. ખેતીવિષયકના વીજજોડાણના કરારનામાનો બે વર્ષનો સમયગાળો પૂરો થતો નહોય તો અનુક્રમ (૨) ની પેટા કલમ (ક)ના કારણો પૈકી કોઈપણ એક કારણ હોય તો

- ➢ બાકી રહેતા સમયગાળાનો મીનીમમ ચાર્જ વસુલાત કરવો નહી અને સ્થળફેર મંજુર કરવું.
- ➢ ત્યારબાદ ફરીથી સ્થળફેર માગે તો બાકી રહેતા બે વર્ષના સમયગાળાનો મીનીમમ ચાર્જ વસુલાત કરી સ્થળફેર મંજુર કરવની કાર્યવાહી હાથ ધરવી.

ગ. વીજબીલના બાકી નીકળતા નાણાં (વિલંબીત ચૂકવણી ચાર્જ સહિત) અરજીની નોંધણી થતાં પહેલા ગ્રાહકે ભરપાઈ કરવાના રહેશે.

ઘ. ગ્રાહક અથવા તેના સીધી લીટીના વારસદાર અન્ય વારસાઈ વાળી જમીનની જગ્યાએ સ્થળફેર માંગે તો ૨ વર્ષની સમય મર્યાદા અને ઓછામાં ઓછી બે એકર જમીનનો આગ્રહ રાખવો નહી.

ચ. ગ્રાહક નવીન જમીન ખરીદી કરીને સ્થળફેર માંગે તો

- ➢ ઓછામાં ઓછી બે એકર અને અરજદારના નામે ઓછામાં ઓછા બે વર્ષથી હોવી જોઈએ.
- ➢ બીજા ખેડૂતની ભાગીદારી ન હોવી જોઈએ.

છ. નવીન ખરીદેલ જમીન બે એકર કરતાં ઓછી હોય તો

- ➢ નવીન સ્થળે બનાવેલ કૂવો/પાતાળ કૂવાથી પાઈપ લાઈન દ્વારા પોતાની માલિકીના અન્ય સર્વેનંબરમાં પિયત થતું હોય તે સર્વેનંબરવાળી હયાત ખેતી હેતુ વીજ જોડાણ વગરની જમીન મળી કુલ ઓછામાં ઓછી બે એકર જમીન હોવી જોઈએ.
- ➢ બે એકર જમીનની મર્યાદામાં વધુમાં વધુ ૧૦ ટકાની છૂટછાટની મંજૂરી વીજ વિતરણ કંપનીના મેનેજીંગ ડીરેકટરશ્રી આપી શકશે.

જ. હયાત વીજજોડાણ સૂક્ષ્મ પિયત પધ્ધતિથી મેળવેલ હોય અને જીજીઆરસી દ્વારા નક્કી કરવામાં આવેલ સમયગાળો પૂરો થતો ન હોય તેવા સંજોગોમાં ગ્રાહકે નવીન જગ્યાએ જીજીઆરસી મારફત સૂક્ષ્મ પિયત પધ્ધતિનો અમલ કરવાની બાંહેધરી આપવાની રહેશે. તેનો સમયગાળો વીજજોડાણના સ્થળફેર બાદ, ફરીથી શરૂ થયેલ ગણાશે.

ઝ. માંગણીવાળી નવીન જગ્યાએ ગ્રાહકના નામે કે અન્ય કોઈ વ્યકિતના નામે ખેતીવિષયક વીજજોડાણ ચાલુ હોવું જોઈએ નહી.

ટ. ડાર્કઝોન વિસ્તારમાં ફરજીયાત જીજીઆરસી મારફત સૂક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.

ઠ. સ્થળફેર જે તે વર્તુળ કચેરીની હદમાં મંજૂર કરવામાં આવશે.

ડ. ખેતીવિષયક ગ્રાહકે સ્થળફેર માટેની અરજીની નોંધણી કરાવેલ હોય અને ત્યારબાદ વર્તુળ કચેરીનું વિભાજન મંજૂર થાય તેવા કિસ્સામાં મૂળ વર્તુળ કચેરીના કાર્યક્ષેત્ર મુજબ સ્થળફેરની મંજૂરી આપવી.

ઢ. ખેતીવિષયક વીજજોડાણવાળી જમીન સરકારશ્રી દ્વારા હસ્તગત કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં સમગ્ર ગુજરાતમાં માંગણીવાળા નવા સ્થળે ખેતીવિષયક વીજજોડાણના સ્થળફેરની મંજૂરી આપવી.

ણ. તત્કાલ યોજના હેઠળ નવીન વીજજોડાણ મેળવેલ હોય તો કરારનામાનો બે વર્ષનો સમય પૂરો થયા બાદ જ સ્થળફેર કરી આપવું. પરંતુ, અસામાન્ય સંજોગો કે કુદરતી આપતિ જેવા કિસ્સાઓમાં સ્થળફેરની રજૂઆત આવે તો તેની દરખાસ્ત સંલગ્ન કોર્પોરેટ કચેરીને ખાસ કિસ્સા તરીકે મંજૂરી મેળવવા મોકલી આપવી જેની મંજુરી મેનેજીંગ ડીરેટકરશ્રી આપી શકશે.

ત. હયાત ખેતીવિષયક ગ્રાહકને જે સર્વેનંબરમાં જે બોર અથવા કૂવા ઉપર વીજજોડાણ આપવામાં આવેલ હોય તેમાં પાણી ખલાસ થવાના કે ખારું થઈ જવાના કારણે સ્થળફેર કરવાનું જરૂરી બને ત્યારે તે સર્વેનંબરમાં અન્ય જગ્યાએ બનાવેલ નવીન બોર/ કૂવામાં પોઈન્ટ ઓફ સપ્લાય બદલ્યા સિવાય તેમજ અંતરની મર્યાદા સિવાય કરારિત વીજભાર વાપરી શકશે. પરંતુ,

- નવીન ટેસ્ટ રીપોર્ટ નિયત ફી ભરી રજૂ કરવાનો રહેશે.
- હયાત સ્થળના કૂવો/પાતળકૂવામાંથી મોટર કાઢી નાખવાની રહેશે.
- હયાત પોઈન્ટ ઓફ સપ્લાયથી નવીન બનાવેલ કૂવા/પાતાળ કૂવા સુધી સલામતીના પાસાઓને લક્ષ્યમાં રાખીને જરૂરી ક્ષમતાનો કેબલ ગ્રાહકે પોતાના ખર્ચે લંબાવવાનો રહેશે.
- ઉપરોક્ત બાબતની બાંહેધરી રૂા.૧૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર આપવાની રહેશે.

૩. <u>સ્થળફેર વીજજોડાણ મંજૂર કરવા માટે કાર્યવાહી/ સમયમર્યાદા ગ્રાહકની સ્થળફેર માટેની અરજી રજીસ્ટર થયા બાદ નીચે મુજબની કાર્યવાહી કરવી.</u>

- અરજી રજીસ્ટર થયા બાદ સત્વરે પેટાવિભાગીય કચેરીએ દરખાસ્ત તૈયાર કરવી અને સક્ષમ અધિકારીને મંજૂરી માટે મોકલી આપવી. દરખાસ્ત સાથે ઉપર જણાવેલ દસ્તાવેજીપુરાવાની સર્ટીફાઈડ ઝેરોક્ષ નકલ ટ્રાન્સફોર્મરનો નકશો, વોલ્ટેજ રેગ્યુલેશન શીટ.
- ફીડરના વોલ્ટેજ રેગ્યુલેશન વધારે હોય તો પણ મંજૂરી આપવી અને ફીડર બાયફરકેશન માટેની કાર્યવાહી હાથ ધરવી.
- ટ્રાન્સફોર્મર ઉપર ૧૦૦ ટકા લોડીગ ગણવું.
- સ્થળફેર માટે ગ્રાહક અરજી કરે ત્યારે સ્થળફેરવાળી જગ્યાએ અરજીની નોંધણી વખતે બોર/કૂવો હોવો જરૂરી છે.

સમય મર્યાદા:

| સ્થળફેર માંગણી અંગેની વિગત | સક્ષમ અધિકારી | મંજૂર કરવાની સમય મર્યાદા દરખાસ્ત મળ્યાની તારીખથી |
|---|---|---|
| એક જ ગામમાં એક જ સર્વે નંબરમાં અથવા ગ્રાહકની પોતાની માલિકીના એ જ ગામના અન્ય સર્વે નંબરમાં સ્થળફેર | કાર્યપાલક ઈજનેર સાથે સુપ્રિટેન્ડટ એકાઉન્ટ, વિભાગીય કચેરી | ૧૦ દિવસ |
| વર્તુળ કચેરી હેઠળના તાબાના અન્ય ગામે સ્થળફેર કરવાનું હોય | અધિક્ષક ઈજનેર સાથે એકાઉન્ટ ઓફીસર, વર્તુળ કચેરી | ૧૦ દિવસ |

૪. <u>અંદાજપત્ર આપવા માટે અને મુદત વધારવાનો નિયમ:</u>

- સ્થળફેરની મંજૂરી મળેથી બનતી ત્વરાએ ગ્રાહકને અંદાજપત્ર ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરવામાં આવેલ પ્રવર્તમાન ભાવ મુજબ આપવું.
- આર.પી.એ.ડી.દ્વારા જ અંદાજપત્ર મોકલી આપવું.
- અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા ઈસ્યુ કર્યાની તારીખથી ૩૦ દિવસની રહેશે.
- અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદામાં વધારા માટે અંદાજપત્ર ભરપાઈ કરવાની અંતિમ તારીખ પહેલાં મુદત વધારવાની અરજી કરવાની રહેશે.
- મુદત વધારાની મંજૂરી પ્રવર્તમાન નિયમાનુસાર કરવામાં આવશે.
- એગ્રીમેન્ટ ફી નિયમાનુસાર લેવામાં આવશે અને બે વર્ષનો કરાર કરવાનો રહેશે.

૫ અંદાજપત્ર ભરપાઈ થયા પછી કામગીરી અંગેનુ માર્ગદર્શન

- અંદાજપત્રના નાણાં ભરપાઈ કર્યાની તારીખ પ્રમાણે પ્રાયોરીટી બનાવવામાં આવશે.
- કેટેગરી પ્રમાણે માલ સામાનની ઉપલબ્ધી મુજબ કામ પૂર્ણ કરવાના રહેશે.
- કામ પૂર્ણ થયા બાદ ગ્રાહકને વીજજોડાણ ચાલુ કરવા માટે બે માસની નોટીસ આપવામાં આવશે.
- નોટીસ સમય પૂર્ણ થયા બાદ કંપનીના નિયમાનુસાર બીલીંગ ચાલુ કરવામાં આવશે.

૬. કાર્યવાહી પૂર્ણ થયે વીજજોડાણ ચાલુ કરવાના નિયમો

- ગ્રાહક દ્વારા વીજસ્થાપનનો જરૂરી ટેસ્ટ રીપોર્ટ રજૂ કરવાનો રહેશે.
- ટેસ્ટ રીપોર્ટની નિયત ફી ભરપાઈ કરવાની રહેશે.
- ટેસ્ટ રીપોર્ટની નિયત ફી ભર્યાબાદ દિન—૭ (સાત) માં વીજજોડાણ ચાલુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.
- નવીન જગ્યાએ વીજ જોડાણ ચાલુ કર્યા બાદ હયાત સ્થળેથી માલ સામાન કાઢી જમા લેવો અને તેની જાણ વિભાગીય કચેરીને કરવી અને સદર માલ-સામાન જમા કરાવ્યાની નકલ ગ્રાહકની કેસ ફાઈલમાં પુરાવા તરીકે રાખવી.

અન્ય સૂચનાઓ

- ખેતીવિષયક વીજ ગ્રાહકને (હોપા આધારીત)સ્થળફેર અંગેનું અંદાજપત્ર પાઠવવામાં આવેલ હોય અને નાણાં ભરપાઈ થયેલ હોય અને ગ્રાહક જાતે હયાત વીજજોડાણ નવીન સ્થળે ખસેડી વીજ વપરાશ કરારીત વીજભાર જેટલો વાપરતો હોય તેનું માલુમ પડે તો ગ્રાહકે જૂની જગ્યાએ મોટર કાઢેલ હોય તેવા કિસ્સામાં વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૨૬ મુજબ બીલ આપવું અને નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવી. તેમ છતાં જૂની અને નવીન જગ્યાએ મોટર હયાત માલુમ પડે તો તેવા કિસ્સામાં વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩૫ મુજબ વીજ બીલ આપવું.
- મીટર ટેરીફવાળો ગ્રાહક નવીન જગ્યાએ મીટર વગર વીજ વપરાશ કરતો માલુમ પડે તેવા કિસ્સામાં વીજ અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ બીલ આપવું અને નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવી.
- નવીન જગ્યાએ વીજ વપરાશનું બીલ ગ્રાહકના જૂના સ્થળે જે પ્રકારના ટેરીફ મુજબ બીલ આપવામાં આવતું હોય તે પ્રકારના ટેરીફ મુજબનું પ્રવર્તમાન વીજ દર મુજબનું બીલ નવા સ્થળના વીજજોડાણ માટે આપવાનું રહેશે.

——— xxxxxx ——— xxxxxxxx ———

## <u>બદલાયેલ પરિસ્થિતિ અન્વયે નવીન ખેતીવિષયક વીજજોડાણ આપવા માટેનું માર્ગદર્શન</u>

જીયુવીએનએલ દ્વારા પત્ર નં.જીયુવીએનએલ/ટેક/એસપીટી/એજી.ચેન્જ/૭૮૧ તા.૧૩/૦૩/૨૦૧૨ દ્વારા પાઠવવામાં આવેલ માર્ગદર્શન અન્વયે કમીટી દ્વારા જરૂરી ચર્ચા વિચરણાને અંતે સુચવવામાં આવેલ માર્ગદર્શન મુજબ જરૂરી સુધારા વધારા કરીને ક્ષેત્રિય કચેરીઓની સુગમતા માટે નીચે પ્રમાણેના નિયમો સૂચવવામાં આવે છે.

ક. અરજદાર દ્વારા નવીન ખેતીવિષયક વીજજોડાણ માંગણીવાળા સર્વેનંબરમાંથી અન્ય સર્વેનંબરમાં તબદીલ કરવાનું હોય તો....

- તે જ ગામના અન્ય સર્વેનંબરમાં અથવા જે તે સંલગ્ન પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના અન્ય ગામના સર્વેનંબરમાં તબદીલ કરી શકાશે.
- અરજદાર ધ્વારા અરજીની નોંધણી થયા બાદ પેટાવિભાગીય કચેરીનું વિભાજન થયેલ હોય તેવા કિસ્સામાં વિભાજીત થયેલ નવીન પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મૂળ ગામને એક જ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના ગામ તરીકે જ ગણી તબદીલી માટે મંજૂર કરી શકાય.
- ઉપરોક્ત કાર્યવાહી સંદર્ભે તબદીલી માટેના જરૂરી મહેસુલી દસ્તાવેજો સંલગ્ન પેટાવિભાગીય કચેરીની નોટીસ મળ્યાની તારીખથી વધુમાં વધુ ત્રણ માસની મુદતમાં રજૂ કરવાના રહેશે.

- માંગણીવાળા મૂળ સર્વે નંબર અને તબદીલી સારું માંગેલ નવીન સર્વેનંબર માટે રજૂ કરેલ ૭/૧૨ના ઉતારા અન્વયે જમીન ભાગીદારીમાં હોય તો રૂા.૧૦૦/– ના નોટરાઈઝ્ડ કરેલ સ્ટેમ્પ પેપર ઉપર અન્ય ભાગીદારોની સંમતિ આપવાની રહેશે.
- બદલાયેલ પરિસ્થિતિમાં માંગેલ તબદીલવાળો સર્વેનંબર જેમાં નવીન ખેતીવિષયક વીજજોડાણ ઝડપથી તેમજ સરળતાથી મંજૂર કરવા માટે હાલમાં પ્રવર્તમાન સક્ષમ અધિકારી તરીકે અધિક્ષક ઈજનેર, વર્તુળ કચેરીને બદલે સંલગ્ન કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરીને સત્તા આપવી. પરંતુ જો મૂળ પેટાવિભાગીય કચેરીના વિભાજન થવાથી વિભાગીય કચેરી પણ બદલાતી હોય તો તેવા કિસ્સાઓ માટે વર્તુળ કચેરીની સત્તા યથાવત રાખવી.

ખ. અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ હોય અને જરૂરી વીજમાળખુ ઉભુ કરેલ ન હોય તેવા સંજોગોમાં કલમ (ક) મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

- તદ્ઉપરાંત લાગુ પડતો વધારાનો ખર્ચ વસુલાત કરીને મંજૂરી આપવી.
- અરજદારે પ્રવર્તમાન નિતિનિયમો મુજબ નવીન કરારનામું કરવાનું રહેશે.
- તબદીલી અન્વયે માંગણીવાળી જગ્યાએ વીજજોડાણ આપવા માટે મૂળ નોંધાયેલ અરજીના અગ્રતાક્રમ પ્રમાણે કાર્યવાહી કરવી.

ગ. નામ ફેરફાર કરવા અંગે

અંદાજપત્ર પાઠવ્યા પહેલાં હયાત અરજદાર / અરજદારનું અવસાન થયેલ હોય તો

- મૂળ અરજદારનુ અવસાન થયેલ હોય તો તે અંગેનો દાખલો રજૂ કરવાનો રહેશે.
- કાયદેસરના વારસદારોનુ પેઢીનામું તેમજ અરજદાર સિવાયના અન્ય વારસદારોની રૂા.૧૦૦/– ના નોટરાઈઝ્ડ કરેલ સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ આપવાની રહેશે.
- નવીન ૭/૧૨, ૮–અ, અને ૬ ક હકકપત્રક (છ માસથી જૂના નહી) આપવાના રહેશે.
- નવીન નોંધણી ફી ભરવાની રહેશે.
- નોંધાયેલ મૂળ અરજીના અગ્રતાક્રમ પ્રમાણે નવીન વીજજોડાણ આપવા માટેની કાર્યવાહી કરવી.

ઘ. નવીન ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ હોય અને કરારનામું કર્યા પહેલાં જો મૂળ અરજદાર અવસાન પામે તો તેવા સંજોગોમાં

- ઉપરોક્ત દર્શાવેલ કલમ – ગ અન્વયે દસ્તાવેજી પુરાવાઓ કાયદેસરના વારસદાર ધ્વારા રજૂ કર્યેથી નવીન વીજજોડાણ મૂળ જગ્યાએ આપવા માટેની કાર્યવાહી કરી શકાય.
  કાયદાકીય વારસદાર દ્વારા જરૂરી વીજબીલની અનામત રકમ તથા વસુલાતને પાત્ર અન્ય ચાર્જીસ ભરપાઈ થયેથી, નામ ટ્રાન્સફર કરવા માટેના પ્રવર્તમાન નિયમ મુજબ નવીન કરારનામું કરીને વીજજોડાણ આપવું.

ચ. અંદાજપત્ર પાઠવ્યા પહેલાં જો અરજદાર દ્વારા માંગણીવાળો સર્વે નંબર વેચાણ કરેલ હોય અને જો ખરીદી કરનાર ખેડૂત જો વીજોડાણ તે જ સર્વે નંબરમાં લેવા માંગતો હોય તો,

- માંગેલ નવીન ખેતીવિષયક વીજજોડાણવાળો સર્વે નંબર વેચાણ કરનાર અરજદાર દ્વારા તે જ સર્વે નંબરવાળી જમીન ખરીદ કરનાર ખેડૂતને સંમતિ આપેથી તેમજ ખરીદ કરનાર ખેડૂતના નામે નવીન નોંધણી ફી તેમજ જમીનની માલિકીના મહેસૂલી દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી નવીન જમીન ખરીદનાર ખેડૂતના નામે નવીન ખેતીવિષયક વીજજોડાણ મૂળ અગ્રતા ક્રમમાં ફેરફાર કર્યા વગર આપી શકાશે. પરંતુ, માંગણીવળા સર્વેનંબરમાં કોઈ ખેતીવિષયક વીજજોડાણ હયાત ન હોવું જોઈએ.

<u>અથવા</u>

➢ અરજદાર દ્વારા નવીન વીજજોડાણ માટેની માંગણીવાળી જમીન વેચાણ કરવામાં આવે અને જો અરજદાર પોતાની માલિકીની તે જ ગામની અન્ય જગ્યાએ અથવા મુદ્દા નં. – ક માં દર્શાવેલ પેટાવિભાગીય કચેરીના કાર્યક્ષેત્ર હેઠળના અન્ય ગામમાં લેવા માંગતો હોય, તેમજ તે નવીન માંગણીવાળી જગ્યાએ ખેતીવિષયક વીજજોડાણ હયાત ન હોય તેવા સંજોગોમાં નવીન જગ્યાએ ખેતીવિષયક વીજજોડાણ નોંધણી ફી તેમજ અન્ય જરૂરી દસ્તાવેજી મહેસુલી પુરાવાઓ રજૂ કર્યેથી આપી શકાશે.

છ. ખેતીવિષયક વીજજોડાણ હયાત હોય તેવા, એક જ સર્વેનંબરમાં અન્ય બોર/કૂવા પર બીજુ ખેતીવિષયક નવીન વીજજોડાણ માંગણી કરવામાં આવે તો કોઈપણ કિસ્સામાં આપી શકાય નહી. પરંતુ,

➢ સરકારી કે બિનસરકારી સંસ્થાઓ કે જે સેવાકીય ક્ષેત્રમાં કાર્યરત હોય તેઓના માટે ઉપરોક્ત નિયમમાં છૂટછાટ આપવા માટે સંલગ્ન વીજવિતરણ કંપનીના મેનેજીંગ ડીરેકટ નિર્ણય લઈ શકશે.

➢ નવીન ખેતીવિષયક વીજજોડાણ માંગણીવાળા સર્વે નંબરનું વિભાજન ૬ ક હક્ક પત્રક દ્વારા સ્થળ મોજણી વખતે સાબીત થાય તો વિભાજીત થયેલ સર્વેનંબરમાં નવીન ખેતીવિષયક વીજજોડાણ મૂળ અરજદારના અથવા તો તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારના નામે આપી શકાશે.

જ. ડાર્કઝોન યોજના હેઠળ નવીન ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે નોંધાયેલ અરજદાર દ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવા સૂક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અપનાવવા માટેની સંમતિ તેમજ નવીન ખેતી વિષયક વીજજોડાણની માંગણીવાળા સર્વે નંબરમાં બોર/કૂવો તૈયાર ન કરેલ હોય તેવા સંજોગોમાં અરજદારની અરજી મહતમ નીચે દર્શાવેલ સમય સુધી પડતર રખાશે.

➢ ડાર્કઝોન યોજના હેઠળ સ્થળ મોજણી વખતે માંગણીવાળા સર્વે નંબરમાં બોર/કૂવો હયાત ન હોય તેવા કિસ્સાઓમાં પેટાવિભાગીય કચેરી દ્વારા નોટીસ પાઠવેથી મહતમ ત્રણ માસ તેમજ સામાન્ય યોજના હેઠળના અરજદારને મહતમ બે માસના સમયગાળા સુધી પડતર રખાશે.

➢ ડાર્કઝોન યોજના હેઠળ નવીન ખેતીવિષયક વીજજોડાણ માટે માર્ચ–૨૦૧૨ પહેલાં નોધાયેલ અરજદાર દ્વારા પેટાવિભાગીય કચેરીએથી નોટીસ મળ્યા બાદ પણ જરૂરી દસ્તાવજી પુરાવાઓ રજૂ ન કરાતાં હોય તેવા કિસ્સાઓમાં વધુમાં વધુ એક વર્ષ સુધી અરજી પડતર રાખી શકાશે. પરંતુ, અરજદારનું અગ્રતાક્રમ જે તારીખે પુરાવા રજૂ થાય તે તારીખે જે અરજદારનો અગ્રતાક્રમ હોય તેના પછીનો રહેશે.

ઝ. નાયબ સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, ગાંધીનગર દ્વારા પત્ર નં. ઈએલસી–૨૦૧૨ –૭૭૩–ક.૧ તા.૦૩/૦૯/૨૦૧૨ દ્વારા પાઠવવામાં આવેલ માર્ગદર્શન મુજબ ડાર્કઝોન યોજના હેઠળ નવીન ખેતીવિષયક વીજોડાણ માંગણીવાળા સર્વે નંબરમાં તા.૧૭/૦૯/૨૦૧૨ થી ૧૬/૧૦/૨૦૧૨ સુધીમાં અરજી કરતી વખતે બોર/કૂવો હયાત હોય તેવા અરજદારને 'ક' વિભાગમાં નોંધીને ડ્રો દ્વારા નવીન અગ્રતાક્રમ ફાળવવો અને તે મુજબ કાર્યવાહી કરવી. પરંતુ, ક્ષેત્રીય કચેરી દ્વારા નવીન ફાળવાયેલ અગ્રતાક્રમ મુજબ સ્થળ માંજણી હાથ ધરતાં કેટલાક કિસ્સાઓમાં માંગણીવાળા સર્વે નંબરમાં બોર/કૂવો હયાત ન હોવાનું માલુમ પડે તેવા કિસ્સાઓમાં 'ક' વિભાગના અરજદારોની અરજીઓ 'ડ' વિભાગમાં તબદીલ કરીને મૂળ અરજીની તારીખના અગ્રતાક્રમ પ્રમાણે તા.૧૬/૧૦/૨૦૧૨ પછીના અગ્રતાક્રમે ગોઠવવામાં આવશે.

ટ. ડુબમાં ગયેલ અને સરકારશ્રી દ્વારા સંપાદિત કરાયેલ જમીન પર અરજદાર દ્વારા કેટલીક શરતોને આધિન વર્ષનાં અમુક ચોક્કસ સમયગાળા માટે નવીન ખેતીવિષયક વીજજોડાણ અરજદાર દ્વારા માંગણી કરવાના કિસ્સામાં જો જમીન ડુબમાં ગયેલ હોય અથવા સરકારશ્રી ધ્વારા સંપાદિત થઈ ગયેલ હોય તો તેવી જમીન પર વીજ અકસ્માતથી સલામતી રાખવા માટે શરતોને આધિન મર્યાદિત સમયગાળા માટે નવીન ખેતીવિષયક વીજજોડાણ આપી શકાશે નહી.

...ના નવા ખુલ્લા ... અરજી સ્વીકારી શકશે, અને આવી અરજીઓની નાણાં ભરપાઈ કરવાની મુદત વધારવાની મંજૂરી પ્રવર્તમાન નિયમાનુસાર આપવાની રહેશે.

- ઉપરોકત બાબતે આ અગાઉ બહાર પાડવામાં આવેલ પરિપત્ર ક્ર. ૬૮૩, ૭૭૯, ૭૭૩, ૭૭૩–અ–બ, ૮૦૧, ૪૮૫ અને ૧૬૬૨ કાયમી ધોરણે બંધ થયેલ પુનઃ જોડાણ (PDC-RC), સ્થળફેર(Shifting) પરિપત્ર ક્ર. ૬૯૮, ૭૮૧, ૭૮૧–અ, ૭૮૧–બ અને ૭૯૫, ૭૯૫ અ–બ તથા ૨૯૮૨, ૧૬૮૨ બદલાયેલ પરિસ્થિતિ અન્વયે નવીન ખેતી હેતુ વીજ જોડાણ (Change of circumstances)ને લગતા તમામ પરિપત્રો રદ કરવામાં આવે છે. જ્યારે ગ્રીન હાઉસ અને લીફ્ટ ઈરીગેશનને લગતાં તમામ પરિપત્રોને યથાવત રાખવામાં આવે છે.
- પરિપત્રની સૂચનાઓનો અમલ પરિપત્ર જાહેર કર્યાની તારીખથી કરવાનો રહેશે.
- તે અગાઉના કિસ્સાઓ માટે આ સૂચનાઓ લાગુ પડશે નહી. જૂના કિસ્સાઓની પુનઃચકાસણી કરાશે નહી.

આપનો વિશ્વાસુ,

I/C. મુખ્ય ઈજનેર(ટેક)

<u>નકલ સાદર રવાના :</u>

મેનેજીંગ ડીરેકટરશ્રી
મધ્ય / દક્ષિણ / ઉત્તર / પશ્ચિમ ગુજરાત વીજ કંપની
કોર્પોરેટ ઓફિસ : વડોદરા / સુરત / મહેસાણા / રાજકોટ.

યુજીવીસીએલ/કોર્પો/ટેક/૩૨૪૫ તારીખ:- ૨૬/૧૨/૨૩

પ્રતિશ્રી,
અધિક્ષક/કાર્યપાલક/નાયબ ઈજનેર
વર્તુળ/વિભાગીય/પેટાવિભાગીય કચેરી

---

અગાઉના વિવિધ પરિપત્રોને સ્થાને ઉપર મુજબનો નવીન પરિપત્ર અમલમાં કરેલ છે તેમાં સમાવિષ્ટ તમામ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવું.

<u>નકલ રવાના:-</u>
તમામ વિભાગીય વડા
યુજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ
મહેસાણા.
જાણ સારુ.

અ.ઈ.ટેક/ટેક
મુખ્ય ઈજનેર (ઓપ)
મહેસાણા